# બુલેટ ટ્રેન - ૨૦૨૨ સુધીમાં દોડતી કરવાનુ મોદીનુ સપનું

## બુલેટ ટ્રેન દોડતી થયા બાદ મુંબઈથી અમદાવાદ માત્ર ત્રણ કલાકમાં પહોંચી શકાશે : ૧૦૦૦ અબજના મહાકાય પ્રોજેક્ટ પર હવે ઝડપથી કામ શરૂ થશે

અમદાવાદ, તા.૧૨

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઉપર હવે ઝડપથી કામગીરી આગળ વધવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. કારણ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાની વડાપ્રધાન શિન્જો અબે તેમની ઐતિહાસિક યાત્રા દરમિયાન આ મહત્વકાંક્ષી અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ બુલેટટ્રેન પ્રોજેક્ટ માટે ભૂમિ પૂજા વિધિ કરશે. લાખો પ્રવાસીઓ વધુ ઝડપથી અમદાવાદ અને મુંબઈ વચ્ચે પ્રવાસ કરી શકે તે હેતુસર આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ તરીકે આને જોવામાં આવે છે. આ પ્રોજેક્ટને ૨૦૨૨ સુધી અમલી કરવાની યોજના મોદી ધરાવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અદમ્ય ઈચ્છા છે કે આ બુલેટટ્રેન વર્ષ-૨૦૨૨મા જ જે સમયે ભારત આઝાદીના ૭૫ વર્ષ પુરા કરે એ સમયે દોડતી થઈ જાય. આ અંગેની મળતી વિગતો અનુસાર, ગુરૂવારના રોજ અમદાવાદના સાબરમતી સ્ટેશન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શીનજો અબે દ્વારા અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ બુલેટટ્રેનના પ્રોજેકટ માટે ભુમિપુજન કરવા જઈ રહ્યા છે એવા સમયે કુલ રૂપિયા ૧ લાખ ૧૦ લાખ કરોડની કિંમતમાં પુરા થનારા આ પ્રોજેકટની ડેટલાઈન વર્ષ-૨૦૨૩ રાખવામા આવી છે.આ પ્રોજેકટ પાછળ થનારા કુલ ખર્ચ પેટે જાપાન તરફથી રૂપિયા ૮૮,૦૦૦ કરોડની લોન ભારતને ૦.૧ ટકા વ્યાજ સાથે આપવામા આવશે જે ભારતે ૫૦ વર્ષમા પરત કરવાની રહેશે.હાલમા મુંબઈથી અમદાવાદ કે અમદાવાદથી મુંબઈ ટ્રેન માર્ગે પહોંચવામા સાત કલાક જેટલો સમય લાગે છે એના બદલે આ બુલેટ ટ્રેન શરૂ થયા બાદ માત્ર ત્રણ કલાકના સમયગાળામા પહોંચી જવાશે.શરૂઆતના સ્ટેજમા આ બુલેટ ટ્રેનમાં ૧૦ કાર રાખવામા આવશે જેના દ્વારા એક સાથે ૭૫૦ લોકો અવર જવર કરી શકશે.પાછળથી તેની ક્ષમતામા વધારો કરીને ૧૨૦૦ લોકો બેસી શકે એ પ્રકારેનુ આયોજન કરવામા આવ્યુ છે.પ્રોજેકટનો લઈનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુબ ઉત્સાહિત છે તેમની ઈચ્છા છે કે વર્ષ-૨૦૨૨માં ભારત તેની આઝાદીના ૭૫ વર્ષ પુરા કરવા જઈ રહ્યુ છે એજ વર્ષમાં ઓગસ્ટ માસમા આ બુલેટ ટ્રેન બંને શહેરો વચ્ચે દોડતી થઈ જાય. આ ટ્રેનની ઝડપ પ્રતિ કલાકના ૩૨૦થી ૩૫૦ કિલોમીટરની હશે.આ બુલેટ ટ્રેન મુંબઈના બાંદ્રા-કુર્લા કોંપલેક્ષથી ઉપડી થાણે,વિરાર, વાપી, સુરત,ભરૂચ,વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી સ્ટેશન ખાતે પહોંચશે.

સૂત્રોના કહેવા મુજબ,હાલ ભાડાના દર નકકી કરવામા આવ્યા નથી આમછતાં પણ રૂપિયા ૨૭૦૦થી ૩,૦૦૦ સુધીના દર રાખવામા આવી શકે છે.આ સાથે જ ટ્રેન અંગેના જરૂરી તમામ પાર્ટસ ભારતમા મેઈક ઈન ઈન્ડિયા પ્રોજેકટ હેઠળ તૈયાર કરવામા આવશે જેમા જાપાનના નિષ્ણાતો ટેકનીકલ મદદ કરશે.

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટ

| | |
|---|---|
| બુલેટ ટ્રેન દોડશે | અમદાવાદ-મુંબઈ |
| જાપાન નાણા આપશે | ૮૮૦૦૦ કરોડ |
| પ્રોજેક્ટ ઉપર કુલ ખર્ચ | ૧.૮ લાખ કરોડ |
| જાપાન ફંડિંગ આપશે | ૮૫ ટકા |
| ભારતને ફેર ચુકવણી કરવી પડશે | ૫૦ વર્ષ |
| બુલેટ ટ્રેન દોડી શકશે | ૨૦૨૨ |
| કુલ સ્ટેશન રહેશે | ૧૨ |
| ટ્રેનની સ્પીડ રહેશે | ૩૨૦ કિમી પ્રતિકલાક |
| કુલ લોકો બેસી શકશે | ૭૫૦ |
| બુલેટ ટ્રેનમાં કાર હશે | ૧૦ |
| ભાડુ હશે | ૨૭૦૦-૩૦૦૦ |

## મોદી-શિન્જોનો કાર્યક્રમ

- ૧.૩૦ વાગ્યાની આસપાસ મોદી અમદાવાદ વિમાની મથકે પહોંચશે. મુખ્યમંત્રી રૂપાણી અને અન્યો દ્વારા સ્વાગત કરાશે
- ૩.૩૦ વાગ્યાની આસપાસ જાપાની વડાપ્રધાન શિન્જો તેમના પ્રતિનિધિમંડળ સાથે અમદાવાદ વિમાની મથકે પહોંચશે. શિન્જોનું ગાર્ડ ઓફ ઓનર સાથે સ્વાગત કરાશે.
- વિમાની મથકથી મોદી અને શિન્જોનો કાફલો સાબરમતી આશ્રમ તરફ રવાના થશે
- આઠ કિલોમીટર લાંબા રોડ શોમાં એક લાખથી પણ વધુ લોકો જોડાશે
- મોદી અને શિન્જોના સ્વાગત માટે જુદા જુદા ૪૦ સ્ટેજ તૈયાર કરાયા. વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને લોકનૃત્યો રજૂ કરાશે
- રોડ શો કરીને મોદી અને શિન્જો ગાંધી આશ્રમ પહોંચશે. ગાંધી આશ્રમમાં થોડાક સમય સુધી રોકાશે જ્યાં રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ અપાશે
- મોદી અને શિન્જો રિવરફ્રન્ટ ઉપર જશે જ્યાં બંને એકાંતમાં થોડાક સમય સુધી વાત કરશે
- રિવરફ્રન્ટથી કાફલો ઐતિહાસિક સિદી સૈયદની જાળી ખાતે પહોંચશે. સિદી સયૈદની જાળી ખાતે રોકાયા બાદ હોટલ અગાશીમાં જશે. જ્યા ડીનર થશે
- અબે અને તેમના પત્નિ રાત્રિ રોકાણ વસ્ત્રાપુર ખાતેની હોટલ હયાતમાં કરશે

૧૪મી સપ્ટેમ્બરનો કાર્યક્રમ

- સાબરમતી રેલ્વે સ્ટેશન ખાતે અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ બુલેટ ટ્રેન શરૂ કરવાના પ્રોજેકટનુ ભુમિપુજન
- બપોરે મહાત્મા મંદિર ખાતે ગાંધીકુટીરની મુલાકાત
- મહાત્મા મંદિર ખાતે જ ઈન્ડો-જાપાન સમિટમા બંને દેશો વચ્ચે મહત્વના કરારો કરવામા આવશે
- સાંજે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા સાયન્સ સિટી ખાતે બંને મહાનુભવોના સન્માનમા રાત્રી ભોજન આયોજિત કરવામા આવ્યુ છે
- ૧૪મીએ રાત્રે જાપાનના વડાપ્રધાન શીનજો અબે તેમના પત્ની અકી અબે ટોકીયો જવા રવાના થશે.

## અમિત શાહને સાક્ષી તરીકે ૧૮મીએ હાજર થવા હુકમ

### ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને તેમના નિવાસસ્થાને વિટનેસ સમન્સ બજાવવા મંજૂરી : માયાબેનની અરજી મંજુર થઈ

નરોડા ગામના ટ્રાયલમાં આજે તા.૧૬મી સપ્ટેમ્બર સુધીમાં ભાજપના રાષ્ટ્રી અધ્યક્ષ અમિત શાહને તા.૧૬મી સપ્ટેમ્બર સુધીમાં સમન્સની બજવણી કરી દેવા અને જો તેમને સમન્સ બજી જાય તો તા.૧૮મી સપ્ટેમ્બરે તેમને વીટનેસ સાક્ષી તરીકે અદાલત સમક્ષ હાજર રહેવા સ્પેશ્યલ કોર્ટે આજે નિર્દેશ કર્યો હતો. નરોડા ગામ ટ્રાયલની સુનાવણી દરમ્યાન આજે ડો.માયાબહેન કોડનાની તરફથી તેમના બચાવમાં સાહેદ તરીકે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને વીટનેસ સાક્ષી તરીકે તપાસવા હોઈ સમન્સ જારી કરવા કરાયેલી માંગણી આજે સ્પેશ્યલ કોર્ટે ગ્રાહ્ય રાખી હતી અને શાહ વિરૂધ્ધ વીટનેસ સાક્ષીનું સમન્સ જારી કર્યુ હતું. ડો.માયાબહેન કોડનાની તરફથી કરાયેલી અરજીમાં એડવોકેટ અમિત પટેલે મહત્વની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, નરોડા ગામના બનાવ વખતે ગત તા.૨૮-૨-૨૦૦૨ના રોજ ડો.કોડનાની કયાં હતા તે સહિતની માહિતી ભાજપના રાષ્ટ્રીય નેતા અમિત શાહ જાણતા હોઈ તેઓ બચાવપક્ષના તેમના સાહેદ તરીકે અમિત શાહને તપાસવા ઈચ્છે છે અને તેથી કોર્ટે તેમને વીટનેસ સાક્ષી તરીકે બોલાવવા માટેનું જરૂરી સમન્સ જારી કરવું જોઈએ. માયાબહેન તરફથી અમિત શાહનું થલતેજ સ્થિત નિવાસસ્થાનનું સરનામું કોર્ટ સમક્ષ રજૂ કરી સમન્સ જારી કરવાની માંગણી કરાઈ હતી. સ્પેશ્યલ કોર્ટે અમિત શાહને તેમના થલતેજ સ્થિત બંગલાના નિવાસસ્થાને સમન્સની બજવણી કરવા મંજૂરી આપી હતી. જો તેમને તા.૧૬મી સપ્ટેમ્બર સુધીમાં સમન્સ બજી જાય તો, તા.૧૮મી સપ્ટેમ્બરે તેઓએ અદાલત સમક્ષ હાજર રહેવું જેથી તેમની જુબાનીની પ્રક્રિયા પૂર્ણ થઈ શકે.

### ચૂંટણી પહેલાં કોંગ્રેસ પક્ષની મહત્વની જાહેરાત

# કોંગ્રેસ સત્તા પર આવશે તો બેરોજગાર યુવાનોને ભથ્થું

## બેરોજગાર અનુસ્નાતકોને મહિને ચાર હજાર, સ્નાતકોને ૩૫૦૦ તેમજ ધો-૧૨ પાસને ત્રણ હજાર ભથ્થું ચૂકવાશે

અમદાવાદ,તા. ૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગુજરાત કોંગ્રેસ તરફથી આજે એક મહત્વની જાહેરાત કરતાં જણાવાયું હતું કે, કોંગ્રેસ જો આ વખતે ગુજરાતમાં સત્તા પર આવશે તો ગુજરાતના લાખો બેરોજગાર યુવાનોને દર મહિને બેરોજગારી ભથ્થું આપશે. જેમાં બેરોજગાર અનુસ્નાતકોને દર મહિને રૂ.ચાર હજાર, સ્નાતકોને રૂ.૩૫૦૦ અને ધો-૧૨ પાસને રૂ.ત્રણ હજાર ભથ્થું ચૂકવવામાં આવશે. ગુજરાતની ભાજપ સરકાર લાખો બેરોજગાર યુવાનોનું આર્થિક અને સામાજિક શોષણ કરી રહી હોવા સહિતના ગંભીર આક્ષેપો પણ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સિધ્ધાર્થ પટેલ, ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત સહિતના નેતાઓએ આજે કર્યા હતા. કોંગ્રેસના સિનિયર નેતા સિધ્ધાર્થ પટેલ, પ્રભારી અશોક ગેહલોત, શકિતસિંહ ગોહિલ સહિતના નેતાઓએ આજે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ૧૨૫ પ્લસના લક્ષ્યાંકને હાંસલ કરવાની વ્યૂહરચનાના ભાગરૂપે જણાવ્યું હતુ કે, ગુજરાત રાજયમાં ૩૦ લાખથી વધુ યુવાનો બેરોજગારી સામે ઝઝુમી રહ્યા છે અને વર્ષોથી રોજગારીની રાહ જોઈને બેઠા છે પરંતુ આ લાખો યુવાનો માટે ભાજપ સરકાર ઠાલા વચનો આપ્યા સિવાય કશું કરી શકી નથી. જયારે લાખો યુવાનોને ફિક્સ પગાર સહિતની યુવા વિરોધી નીતિ મારફતે ભાજપ સરકાર તેઓનું આર્થિક અને સામાજિક શોષણ કરી રહી છે. પરંતુ હવે બહુ થયું...જો કોંગ્રેસ આ વખતે રાજયમાં સત્તા પર આવશે તો, ગુજરાતના યુવાનોને ચોક્કસ નીતિ સાથે રોજગારી ઉપલબ્ધ કરાવશે. એટલું જ નહી, જે બેરોજગાર યુવાનો હશે તેમાં બેરોજગાર અનુસ્નાતકોને દર મહિને રૂ.ચાર હજાર, સ્નાતકોને રૂ.૩૫૦૦ અને ધો-૧૨ પાસને રૂ.ત્રણ હજાર ભથ્થું દર મહિને કોંગ્રેસ ચૂકવશે. અમે યુવાનોની રોજગારી અને બેરોજગારી ભથ્થું ચૂકવવા તત્પર છીએ. આ માટે કોંગ્રેસ હવે તા.૧૪મી સપ્ટેમ્બરથી રાજયભરમાં જિલ્લા-તાલુકા કક્ષાએ નવસર્જન યુવા રોજગાર અભિયાન છેડશે અને તે અંતર્ગત તા.૧૪મી સપ્ટેમ્બરથી રાજયના જિલ્લા-તાલુકા કક્ષાએ કોંગ્રેસ દ્વારા બેરોજગાર યુવાનોનું રજિસ્ટ્રેશન કરવામાં આવશે, આ પ્રક્રિયા પાંચ દિવસ સુધી ચાલશે. કોંગ્રેસના સિનિયર નેતાઓએ ભાજપ સરકાર પર પ્રહાર કરતાં વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષોથી ભાજપની સરકાર છે પરંતુ તે રાજયના લાખો યુવાનોને રોજગારી અપાવવામાં સરેઆમ નિષ્ફળ નીવડી છે.



ગાંધીનગર તાલુકાના રાયપુર ગામે વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા તાલુકા આરોગ્ય કચેરી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વડોદરા પીએચસીના રાયપુર ગામે પોષણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગુરૂશિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં ગાંધીનગર તાલુકાના માહિતી અધિકારી રાજેન્દ્ર પટેલ વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ મેડીકલ ઓપિસર, શ્રીમતી રશ્મિકાબેન રાઠોડ વડોદરા પી.એચ.સી.ના ભાવેશ પટેલ, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર પી.સી. દવે તેમજ સ્થાનિક ફિમેલ હેલ્થ ટીમ કર્મચારી હાજર રહ્યા હતા. શિબિરમાં પોષણનો અર્થ સમતોલ આહાર શક્તિવર્ધક આહાર, શરીરની વૃદ્ધિ-વિકાસલક્ષી ખોરાક માંદગીથી બચવા જરૂરી ખોરાક વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

### ઐતિહાસિક યાત્રા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેટલા જાપાની પ્રતિનિધિઓનો કાફલો અબે સાથે આવી રહ્યા છે. તેમનું મોદી અને રૂપાણી દ્વારા સ્વાગત કરવામાં આવશે. એરપોર્ટ ઉપર અબેને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. ત્યારબાદ કાફલો રવાના થશે. તેમના સ્વાગત માટે વિવિધ વિસ્તારોમા મળીને કુલ ૪૦ જેટલા સ્ટેજ તૈયાર કરવામા આવ્યા છે આ સ્ટેજ પર વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા પરંપરાગત લોકનૃત્ય દ્વારા બંનેનુ સ્વાગત કરવામા આવશે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,કલેકટર કચેરી સહીત સમગ્ર શહેર પોલીસને ખડેપગે રહેવાના આદેશ કરવામા આવ્યા છે. ગાર્ડ ઓફ ઓનરની કાર્યવાહી પુરી થયા બાદ બંને મહાનુભવોના રસાલો એરપોર્ટથી નકકી કરવામા આવેલા સાબરમતી આશ્રમ સુધીના રૂટ ઉપર પહોંચશે જ્યાં આશ્રમમા આયોજિત સાંજની પ્રાર્થનામા ભાગ લીધા બાદ બંનેનો કાફલો રીવરફ્રન્ટના માર્ગે જુના લકકડીયા પુલ (એલિસ પુલ) પહોંચશે જ્યા થોડી મિનીટો મોદી અને શિન્જો એક સાથે ગાળશે. ટૂંકા રોકાણ બાદ સાંજે ૭ કલાકના સુમારે લાલ દરવાજા સ્થિત આવેલી સીદી સૈયદની જાળી (મસ્જિદ) પહોંચશે.જ્યા રોકાણ બાદ સામેના ભાગમા આવેલી હેરીટેજ હોટલ અગાશીયે પહોંચશે જ્યા રાત્રી ડીનર લેવામા આવશે.ડીનર બાદ જાપાનના વડાપ્રધાન અને તેમના પત્ની અકી અબે વસ્ત્રાપુર ખાતે આવેલી હોટલ હયાત ખાતે પહોંચી રાત્રી રોકાણ કરશે જ્યાંથી ગુરૂવારે સાબરમતી રેલ્વે સ્ટેશન ખાતે આયોજિત કરવામા આવેલા અમદાવાદ-મુંબઈ વચ્ચેના બુલેટ ટ્રેન પ્રોજેકટના ભુમિપુજન માટે પહોંચશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જાપાનના વડાપ્રધાન શીનજો અબે, તેમના પત્ની અકી અબે અને જાપાનના આવનારા તમામ ડેલિગેટસના ભવ્ય સ્વાગતમા એરપોર્ટથી આશ્રમ સુધી એક ભવ્ય રોડ શોનુ આયોજન કરવામા આવ્યુ છે.આ રોડ શો દરમિયાન વિવિધ સ્થળોએ મળીને કુલ ૪૦ જેટલા સ્ટેજ બનાવવામા આવ્યા છે.જેના પરથી વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા તેમના સ્વાગત માટે પરંપરાગત લોકનૃત્ય રજુ કરવામા આવશે.

ગુજરાતની ધરતી પર જાપાનના પ્રધાનમંત્રી શિન્ઝો આબે અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઐતિહાસિક મુલાકાત વેળાએ ગુજરાતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસનું નવું પ્રકરણ આલેખાશે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે જાપાન અને ભારતના પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં જાપાન સરકાર અને ગુજરાત સરકાર વચ્ચે જાપાન ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્યુફેક્ચરીંગના નિર્માણ માટે સહકારના કરાર થશે.

### રિટેલ ફુગાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે, કઠોળની કિંમતમાં ૨૪.૪૩ ટકાનો ઘટાડો થયો છે. જુલાઈ મહિનામાં આ ઘટાડો ૨૪.૭૫ ટકાનો હતો. ઓગસ્ટ મહિનામાં હાઉસિંગ ઈન્ફ્લેશનનો આંકડો ૫.૫૮ ટકાનો રહ્યો છે જે જુલાઈ મહિનામાં ૪.૯૮ ટકા હતો. ફયુઅલ ફુગાવાનો આંકડો ઓગસ્ટ મહિનામાં ૪.૯૪ ટકા રહ્યો છે જે જુલાઈ મહિનામાં ૪.૮૪ ટકા હતો. આ ઉપરાંત ડબલ્યુપીઆઈ આધારિત ફુગાવાના આંકડા ઓગસ્ટ મહિના માટે ગુરુવારના દિવસે ૧૪મી સપ્ટેમ્બરે જારી થશે. હોલસેલ આધારિત ફુગાવો જુલાઈ મહિનામાં ૧.૮૮ ટકા થયો હતો. કારણ કે, જીએસટી વ્યવસ્થા અમલી બન્યાના પ્રથમ મહિનામાં કેટલીક કોમોડિટીની કિંમતોમાં ઉલ્લેખનીય વધારો થયો હતો. જૂન ૨૦૧૭માં ડબલ્યુપીઆઈ આધારિત ફુગાવો ૦.૯૦ ટકા હતો. જ્યારે જુલાઈ ૨૦૧૬માં આ આંકડો ૦.૬૩ ટકાનો હતો.

### ભથ્થામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે એક અલગ કંપનીની રચના કરવાને મંજુરી આપી હતી. અન્ય કેટલીક મહત્વપૂર્ણ મંજુરીઓ પણ આજે આપવામાં આવી હતી. કેબિનેટે ડેરી પ્રોસેસિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ સ્કીમ અને નેશનલ હાઈવે-૧૬ને છ લેનમાં કરવાને મંજુરી આપી હતી. કેન્દ્રીય કેબિનેટની બેઠક આજે મળી હતી. તેમાં આ નિર્ણયો કરવામાં આવ્યા હતા. ડીએમાં આપવામાં આવેલી મંજુરીને પહેલી જુલાઈ ૨૦૧૭થી તમામ કર્મચારીઓ માટે અમલી કરી દેવામાં આવશે. કેબિનેટે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને લાભ આપવા આને મંજુરી આપી હતી. એકબાજુ કેન્દ્ર સરકારના કર્મચારીઓને વધારાના એક ટકા ડીએની ચુકવણી કરાશે. જ્યારે પેન્શનરોને મોંઘવારી રાહત આપવામાં આવશે. પહેલી જુલાઈના દિવસથી આને અમલી કરવામાં આવનાર છે. ૫૦ લાખથી વધુ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૬૧ લાખ પેન્શનરોને સીધો લાભ મળશે. ડીએના વધારાના ઈન્સ્ટોલમેન્ટને જારી કરવાની બાબત બેઝિક પગાર, પેન્શનમાં પ્રવર્તમાન ચાર ટકાના રેટ ઉપર રહેશે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ હજુ પણ ૨૧૦૦૦ રૂપિયાના લઘુત્તમ પગારમાં તેમના વધારાની રાહ જોઈ રહ્યા છે જે હાલમાં ૧૮૦૦૦ રૂપિયા છે. આ અંગે કેબિનેટે હજુ સુધી નિર્ણય કર્યો નથી. આ બે નિર્ણયોના પરિણામ સ્વરુપે તિજોરી ઉપર વધારે બોજ પડશે. સ્વીકારવારમાં આવેલી ફોર્મ્યુલાના આધાર પર આ વધારો અમલી કરાયો છે જે સાતમા પગારપંચની ભલામણ ઉપર આધારિત છે. ડીએ અને ડીઆર બંનેને ગણીને તિજોરી ઉપર અસર પ્રતિવાર્ષિક ૩૦૬૮.૨૬ કરોડ રૂપિયાની રહેશે.

### નિષ્ફળ રહ્યા છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તક આપી છે. કાશ્મીરમાં હાલમાં હિંસા વધી રહી છે. રાહુલ ગાંધીએ ભાજપની સોશિયલ મિડિયા વિંગ ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, ભાજપની એક મશીનરી છે જ્યાં ૧૦૦૦ લોકો કોમ્પ્યુટર ઉપર બેઠા છે જે તમામ અંગે માહિતી આપે છે. ખુબ જ શક્તિશાળી મશીનરી છે. આ લોકો તેમના અંગે અપમાનજનક બાબતો ફેલાવે છે.

આ ઓપરેશન એ મહાનુભાવ ચલાવે છે જે દેશ ચલાવી રહ્યા છે. રાહુલે કહ્યું હતું કે, તેઓ પર્દા પાછળ નવ વર્ષ સુધી મનમોહનસિંહ, પી. ચિદમ્બરમ, જયરામ રમેશ, અન્ય નેતાઓ સાથે કાશ્મીર મુદ્દા ઉપર કામ કરી રહ્યા હતા. જ્યારે તેઓએ શરૂઆત કરી ત્યારે કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિ ચરમસીમા ઉપર હતી પરંતુ જ્યારે કામ પૂર્ણ થયું ત્યારે શાંતિ સ્થાપિત થઈ હતી. આતંકવાદની કમર તોડી નાંખવામાં આવી હતી. શીખ સમુદાયની સાથે થયેલી હિંસાના સંદર્ભમાં પુછવામાં આવતા રાહુલે કહ્યું હતું કે, તેમના દાદી ઈન્દિરા ગાંધી શીખ સમુદાયના લોકોને ખુબ પસંદ કરતા હતા. એક સમયે તેમના ઘરમાં પણ શીખ સમુદાયના લોકો ખુબ મોટી સંખ્યામાં હતા. હિંસાના કારણે જ પોતાની દાદી અને મોડેથી પિતાને ગુમાવ્યા હતા. આવી સ્થિતિમાં જો હિંસાના પ્રભાવને સમજીશું નહીં તો અન્ય કોઈ સમજી શકસે નહીં. રાહુલે નોટબંધીના નિર્ણયની પણ ટિકા કરી હતી.

### હા, સાહેબ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

''... હા... હા... આપણા કવિ રાજેન્દ્ર શુક્લએ પણ એવું જ લખ્યું છે..

''આ અહીં આટલે પહોંચ્યા પછી,
એટલું સમજાય છે.
કે, કોઈ કશુ કરતુ નથી,
બધુ આપમેળે થાય છે...''

''અર્થાત ગતિશીલ વિચાર, વિકાસને જન્મ આપે છે..! અને વિકાસની ગતિ કલ્યાણનો ભાવ જન્માવે છે. આજ રાજનીતિનો મંત્ર બનવો જોઈએ...''

- નિમિત્ત માત્ર

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

'મને ઓળખે છે.'

'ના'

મારા નાનાનું નામ દુર્ગાશંકર હતું. સલીમ નાના અને દુર્ગા નાના બહુ પાક્કા દોસ્ત હતા. હું અવાર નવાર તમારી ભાડ પર આવતો. આવી વધુ હું બોલવાની કોશિશ કરતો હતો, પણ આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. આજ... તમે તો સૌ ગામડાંની બધી પરંપરા અને રીત-રિવાજ ભૂલી ગયા.

'ભઈલા, પરંપરા... રીત-રિવાજ બધું હું જાણું છું.' પણ આ પેટ નથી જાણતું.

આટલું કહી તે ક્ષમા માંગતો હોય તેમ મારી સામે જોઈ રહ્યો. મેં તેને બાથમાં લઈ લીધો.

ભઠ્ઠી હવે પહેલાં જેટલી ગરમ રહી નહોતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ